Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTER NO. B. 156

श्री

# જૈનધર્મ પ્રકાશ.

## The Jaina Dharma Prakasha.

प्राणाघातान्निवृत्तिः परधनहरणे संयमः सत्यवाक्यं ।
काले शक्त्या प्रदानं युवतिजनकथामूकभावः परेषाम् ॥
तृष्णास्रोतोविभंगो गुरुषु च विनयः सर्वभूतानुकंपा ।
सामान्यः सर्वशास्त्रेष्वनुपहतविधिः श्रेयसामेष पंथाः ॥

પુસ્તક ૨૧ મું. શ્રાવણ. સંવત ૧૯૬૧ અંક ૫ મો.

પ્રગટ કર્તા.
શ્રી જૈનધર્મ પ્રસારક સભા.
ભાવનગર

વિષયાનુક્રમ.

| | | |
|---|---|---|
| ૧ | વૈરાગ્ય પદ. | ૯૭ |
| ૨ | પુષ્પ પૂજા વિધિ. | ૯૮ |
| ૩ | કવિ શુભચંદ્ર વિરચિત જ્ઞાનાર્ણવનો સારાંશ. | ૧૦૬ |
| ૪ | ધર્મનું રહસ્ય તથા આંતરિક સ્વરૂપ. | ૧૧૧ |
| ૫ | તમે કદિ ભુલાશો નહિ. | ૧૧૫ |
| ૬ | વર્તમાન સમાચાર. | ૧૧૮ |

વાર્ષિક મૂલ્ય રૂ ૧) પોસ્ટેજ ચાર આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ચોપાનિયું રખડતું મૂકીને આશાતના કરવી નહીં.

### ભેટનો નિર્ણય.

### પ્રતિક્રમણ હેતુ

" કિંચિત્ હેતુગર્ભ પ્રતિક્રમણક્રમવિધિ " એ નામનો શ્રી જયચંદ્રગણિ કૃત ગ્રંથ કે જે જૈનબંધુઓને અત્યંત ઉપયોગી છે તેનું આદ્યંત ભાષાંતર કેટલાક વધારા સાથે તૈયાર કરીને અમે ઘણા સુંદર ટાઈપમાં છપાવવા માંડેલ છે. જેને છપાઈ રહેતાં હજુ ત્રણ માસ થશે તે પાકા બાઈંડીંગથી બંધાવીને આપવાનું મુકરર કરેલ છે પરંતુ બુકનું પ્રમાણ વધી જવાથી અને કિંમત લગભગ આઠ આના થવાની હોવાથી ગયા વર્ષની અને ચાલુ થયેલા વર્ષની ભેળી ભેટ આપવાનું મુકરર કરેલું છે. તૈયાર થયેથી તરત મોકલવામાં આવશે પણ નવા વર્ષનું લવાજમ મોકલાવવાનું ધ્યાનમાં રાખવું પડશે. ગયા વર્ષનું લવાજમ મોકલીને બંધ થયેલ ગ્રાહકોને "શ્રાવકના બાર વ્રત ઉપરની બાર કથા"ની બુક ભેટ તરીકે મોકલવામાં આવશે.

---

છપાઈને બહાર પડેલ છે.

### શ્રી શત્રુંજય મહાત્મ્ય.

મહાત્મા શ્રી ધનેશ્વરસૂરિ કૃત સંસ્કૃત પદ્યાત્મક ગ્રંથનું આશા દૃખરેખથી થયેલું ગુજરાતી ભાષાંતર.

આ પુસ્તકની અમારી તરફથી બીજી આવૃત્તિ હાલમાં બહાર પાડવામાં આવેલ છે. આવું શુદ્ધ અને સરસ ભાષાંતર જો કોઈ પણ બીજા ગ્રંથનું થયું હોય તો ત્રિષષ્ઠિશલાકા પુરૂષ ચરિત્રનું જ થયેલું છે. જે બંનેને માટે અમે પૂરતી ખાત્રી આપી શકીએ છીએ. નિર્ણયસાગરની પ્રશંસનિય છાપ, સરસ બાઈંડીંગ, ઉંચા કાગળ. કિંમત રૂ.૨-૮-૦ સભાસદ માટે રૂ. ૧-૧૪-૦

---

### શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર.

પર્વ ૧ લું અને બીજું.

કિંમત રૂ. ૨-૪-૦ પ્રકાશના ગ્રાહકોને માટે રૂ. ૧-૧૨-૦
સભાસદોને માટે રૂ. ૧-૧૧-૦
સુંદર ટાઈપ, ઉંચા કાગળ, ઉત્તમ બાઈંડીંગ, શુદ્ધ ભાષાંતર

---

આ ચોપાનીયું અમદાવાદ—'એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટીંગ પ્રેસ'માં નથુભાઈ રતનચંદ મારફતીઆએ છાપ્યું.

For Private And Personal Use Only

# પુષ્પ પૂજા વિધિ.

સર્વે સામગ્રીની અંદર પુષ્પ મંગાવવાની આવશ્યકતા હોય છે. કારણ કે તે તો હરરોજ નવાં ખીલેલાંજ કામ આવે છે. તેથી તે લાવવા માટે માળીને આ પ્રમાણે કહેવું કે—"જે પુષ્પ માર્ગે ઉપાડીને લાવેલાં હોય, શરીરપરના વસ્ત્રમાં બાંધીને લાવેલાં હોય, કાખમાં રાખ્યાં હોય, [illegible] અને છેડે કે પેટ ઉપર બાંધેલાં હોય, ઉન્ડું થયેલાં હોય, પાંખડી વિગેરે તોડેલાં હોય, અને રજસ્વલા સ્ત્રીએ સ્પર્શ કરેલાં હોય તેવાં પુષ્પો અમારે જિનપૂજનમાં કામે લાગતાં નથી. તેથી તેવાં દોષરહિત શુદ્ધ પુષ્પો તારે પ્રતિદિવસ લાવી આપવા. હું તને વાંછિત મૂલ્ય આપીશ." આ પ્રમાણે કહેવાથી તે નિર્દોષ પુષ્પ લાવી આપે તો ઠીક નહીં તો પછી પૂજા વખતે પોતાના આપ્ત એટલે વિશ્વાસપાત્ર અને રાગ ન કરે તેવા એટલે સ્વચ્છ શરીરને વસ્ત્રવાળા દક્ષ (સમજુ) પુરુષ પાસે મંગાવવાં. અથવા પોતેજ પોતાના અંગને સ્પર્શે નહીં તેમ છાતી આગળ રાખીને લાવવાં. તે વિષે શાસ્ત્રમાં કહ્યું છે કે;—

"જે પુષ્પ, પત્ર કે ફળ હાથમાંથી પડી ગયેલું, પૃથ્વીપર રહેલું, પગે ચંપાયેલું, માથા ઉપર ધરેલું, નઠારા વસ્ત્રમાં લીધેલું, નાભીની નીચે રાખેલું, દુષ્ટજને અડકેલું, ઘણા જનોથી હણાયેલું, અને કીડા વિગેરેથી દૂષિત કરેલું, હોય તે શ્રી જિનેશ્વરના ભક્તોએ જિનેશ્વરની પૂજાના પ્રસંગમાં ત્યાગ કરવું. ઉપયોગમાં લેવું નહીં." વળી કહ્યું છે કે—"એક પુષ્પના બે ભાગ કરવા નહીં અને પુષ્પની કળી કે પાંખડી પણ છેદવી નહીં. કારણ કે પાંખડી ડાંડલી ભાંગવાથી હત્યા જેટલું પાપ લાગે છે."

ઉપર કહ્યા પ્રમાણે કોઈ પણ રીતે શુદ્ધ પુષ્પો પ્રાપ્ત થયા પછી **आम सूत्रतंतुभिः शिथिलग्रंथीभि ग्रंथनीयोहारः** એટલે "કાચા સૂતરના તંતુઓથી ગાંઠ ઢીલાવટે હાર ગુંથવો." આ વાક્યમાં કેટલો ભાવાર્થ સમાયેલો છે તે વિચારવાનું છે. આમાં સૂત્ર પણ કાચું વાપરવું કહ્યું છે અને ગાંઠ પણ શિથિલ (ઢીલી) દેવાની કહી છે. જ્યારે પાકા સૂતરનો ગાંઠે અને મજબૂત ગાંઠ દેવા માટે પણ મનાઈ કરેલી છે ત્યારે પછી સોય પરોવીને હાર બનાવવાનું તો ક્યાં રહ્યું?

હવે હાર ગુંથતાં મનમાં ભાવના શું ભાવવી તે કહે છે—શ્રી પરમેષ્ઠિના ૧૦૮ ગુણનું સ્મરણ કરતો ૧૦૮ પુષ્પનો હાર ગુંથે કે ...

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જિનેશ્વરના ૧૦૦૮ લક્ષણની સંખ્યા સંભારીને ૧૦૦૮ પુષ્પોનો હાર ગુંથવો. અથવા વર્તમાન ચોવીશીના ૨૪ તીર્થંકર, ભરતક્ષેત્રની અતિત, અનાગત, વર્તમાન ચોવીશીના ૭૨ તીર્થંકર, સંપ્રતિકાળે વિચરતા ૨૦ વિહરમાન તીર્થંકર. ઉત્કૃષ્ટ કાળે વિચરતા ૧૭૦ તીર્થંકર, પાંચ ભરત અને પાંચ ઐરવત એ દશ ક્ષેત્રની વર્તમાન દશ ચોવીશીના ૨૪૦ તીર્થંકર, તે દશે ક્ષેત્રની ત્રણ કાળની ત્રીશ ચોવીશીના ૭૨૦ તીર્થંકર-ઇત્યાદિ અનેક પ્રકારે તીર્થંકરોનાં નામો સંભારીને તેટલાં તેટલાં પુષ્પોનો હાર ગુંથવો. પોતાને હાર ગુંથતા આવડે નહીં તો પ્રવીણ માળી કે બીજા માણસ પાસે ગુંથાવવો.

જો છુટાં પુષ્પ હોય ને તે ચડાવવાં હોય તો ભગવતના નવ અંગમાંથી આઠ અંગ ઉપર આઠ પ્રકારના કર્મના નામોચ્ચાર પૂર્વક તે તે કર્મોના અભાવની યાચના કરીને આઠ પુષ્પ મુકવા અને નવમા અંગ ઉપર નવમું પુષ્પ નવમા તત્વ (મોક્ષ) ની પ્રાપ્તિ થવા માટે તે પ્રકારની યાચના કરવા પૂર્વક મુકવું.

અહીં કોઇ શંકા કરે કે "જેમ મનુષ્યની આંગળી છેદવાથી મનુષ્યને દુઃખ થાય છે તેમ વૃક્ષનું અવયવ જે પુષ્પ તેને છેદવાથી વૃક્ષને પણ દુઃખ થાય તેથી મહા દોષ લાગે માટે પુષ્પ ચડાવવાં યોગ્ય નથી. વળી જિનેશ્વર ભગવંત છકાયના રક્ષક હોવાથી તે તેવો ઉપદેશ પણ કેમ કરે ?" આના ઉત્તરમાં જણાવવાનું કે-આ બોલવું જિનાગમની અજ્ઞતાવાળું છે. આ શંકાનો ખુલાસો એવો છે કે-માળીએ આજીવિકા માટે વિધિ પૂર્વક લાવેલાં પુષ્પ મૂલ્ય આપીને લેવામાં આવે છે તેથી તેમાં શ્રાવકને દોષ નથી, કારણ કે તે જીવોની દયા માટે તે લેવામાં આવે છે. શ્રાવક પુષ્પો જોઇને વિચારે છે કે-"જો કોઇ મિથ્યાત્વી તેની પાસેથી પુષ્પો લઇ જશે તો હોમકુંડ વિગેરેમાં નાંખશે જેથી તે જીવોનો સત્વર વિનાશ થઇ જશે. તેમ વ્યભિચારી પુરૂષ લઇ જશે તો સ્ત્રીના કંઠમાં, મસ્તક ઉપર કે પોતાના ઉરસ્થળપર રાખશે અથવા તે પુષ્પોની શય્યા કરી તેની ઉપર સુશે અથવા તેના દડા કરીને રમશે; ત્યાં સ્ત્રી પુરૂષના પ્રસ્વેદ વિગેરેથી પુષ્પના કોમળ જીવો એક ક્ષણમાં નાશ પામી જશે. વળી સ્ત્રીના કંઠ વિગેરેમાં રહેલા પુષ્પના હાર જોઇ કોઇને શુભ ભાવના નહીં થાય પણ કામરાગ ઉત્પન્ન થવાથી પાપનો બંધ થશે." તેથી ઉત્તમ શ્રાવક પુષ્પોને દેખી એવી ભાવના કરે છે કે "જો આ પુષ્પને કોઈ પાપી પુરૂષ લઇ જશે તો ક્રીડાદિકમાં સ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કળમાં તેને હણી નાખશે, માટે તેને અભયદાન આપવા સારૂ હું મૂલ્ય આપીને ગ્રહણ કરૂં. આ વખતે હું ઉપેક્ષા કરીશ તો કસાઈની હાથમાં જતાં બોકડાને ન છોડાવવાની જેમ મને મહા દોષ લાગશે” આ પ્રમાણેની વિચારણાથી પુષ્પો ખરીદ કર્યા બાદ જો તે પુષ્પમાં તેના જેવા વર્ણના એળ કે કીડા પ્રમુખ જણાય તો તે પુષ્પને અગોચર સ્થાને મુકી દે કે જેથી તે જીવોની હિંસા ન થાય; અને જો શુદ્ધ જણાય તો પૂર્વે કહેલી રીતિ પ્રમાણે તેનો હાર બનાવી ભગવંતના કંઠમાં આરોપણ કરે અથવા છુટાં ફુલ ચડાવે.

ઉપરના પ્રશ્નોત્તરથી કેટલો બધો ખુલાસો થઈ જાય છે. પુષ્પ પુજામાં અંતર્ગત કેટલી બધી વિચારણા રહેલી છે તે આ ઉપરથી સ્પષ્ટ થાય છે. સ્રીયાદિકના કંઠમાં રહેલી પુષ્પમાળા જોનારના હૃદયમાં કામોત્પત્તિ કરે છે ત્યારે પ્રભુના કંઠમાં પડેલી પુષ્પમાળા શુભ ભાવ ઉત્પન્ન કરે છે. વળી એમ કરવાથી પુષ્પના જીવોને અભયદાનનો અને આત્માને પરમાત્માના ગુણાનુરાગનો–એમ ઉભય લાભ થાય છે.

પુષ્પ પૂજા કરતાં શ્રાવક આ પ્રમાણે વિચારે કે—**यावत्कालं पुष्प जीवेनायुः बद्धं तावत्कालं छेदन भेदन क्लेदन शुचिकारोपण मर्दन पंचेंद्रियादि स्पर्श दुःख सहनाद्यभावेन चीरकालं सुखं जीविष्यांति ॥** અર્થ–“આ ફુલને લઈલેવાથી જ્યાં સુધી આ પુષ્પના જીવે આયુ બાંધ્યું હશે ત્યાં સુધી છેદાવું, ભેદાવું, પાણીમાં પલળી જવું, સોયમાં આરોપાવું, મસળાવું, પંચેંદ્રિય વિગેરે જીવોના સ્પર્શ દુઃખને સહેવું ઈત્યાદિ દુઃખો સહન કર્યા શિવાય ચીરકાળ તે સુખે જીવશે.”

આ પ્રમાણેના વિચારથી શ્રાવક પુષ્પો ખરીદ કરે છે. આ વાક્યમાં જે જે પ્રકારનાં દુઃખ ન પ્રાપ્ત થવા માટે તે ખરીદ કરવાનું કહેવામાં આવ્યું છે તેમાંનું કોઈ પણ જાતનું દુઃખ આપણે આપીએ કે અપાવીએ તો તે ધારણા નિષ્ફળ જાય. ઉપરના વાક્યમાં જણાવેલ દરેક પ્રકાર સંબંધી વિચાર કરીએ.

૧ ફુલની પાંખડીઓ તોડવી, છેદવી, કાતરવડે ડીંટ કાપવા ઈત્યાદિ ઉપદ્રવ કરવો તે.

૨ ફુલના બે કકડા કરવા, કાતરવડે આકૃતિઓ પાડવી ઈત્યાદિ ઉપદ્રવ કરવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩ પ્રમાણ ઉપરાંત પાણીમાં રાખવાથી તદ્દન બલણી જઈ પુષ્પ ગળી જાય છે. તેથી તે પ્રકારનો ઉપદ્રવ કરવો તે.

૪ સોય ઘોંચીને હાર બનાવવા અને દોરો પરોવીને પછી આગળ પાછળ કરવા ઇત્યાદિ ઉપદ્રવ કરવો તે.

૫ પુષ્પોને બરાબર સંભાળથી ન રાખવાવડે તેને મર્દન થવારૂપ ઉપદ્રવ કરવો તે.

૬ વનસ્પતિ જીવોને આપણા સ્પર્શથી પણ દુઃખ ઉત્પન્ન થાય છે, તેથી એવા જાળવીને પુષ્પ લેવાં મુકવાં અથવા ચડાવવાં જોઇએ કે જેથી તેને કિલામણા ન થાય. એમ નહીં કરતાં જેમ તેમ ઉપાડવા મુકવાવડે ઉપદ્રવ કરવો તે.

ઉપર જણાવેલા દરેક જાતિના ઉપદ્રવો અજ્ઞાન દશાથી હાલમાં પુષ્પના જીવોની ઉપર જુલમ તરિકે થતા દ્રષ્ટિએ પડે છે તે જોઇને ઉત્પન્ન થયેલા કરૂણા ભાવથીજ આ લેખ લખવાનો વિચાર પ્રગટ્યો છે. લેખની પુષ્ટિ માટે ખાસ ગ્રંથકર્તાના શબ્દો સંસ્કૃતમાંજ દાખલ કર્યા છે કે જેથી સુજ્ઞજનો યોગ્ય વિચાર કરી શકે.

હવે ઉપર પ્રમાણેના આશયથી સુંદર રકાબીમાં પુષ્પો લઇ પ્રભુ પાસે આવી પૂજક પુરૂષ આ પ્રમાણે કહે કે-"હે પ્રભુ ! તમે ત્રણ જગતના હિતકારી છો. આ પુષ્પના જીવો હું હિંસકોની પાસેથી છોડાવી લાવ્યો છું તેથી તેમને અને મને અભય આપો." આ પ્રમાણેની શુભ ભાવના પૂર્વક પુષ્પપૂજન કરવાથી કાંઇ પણ દોષ લાગતો નથી. અવધિજ્ઞાન અને સમ્યક્ત્વથી યુક્ત તેમજ જેમની અરિહંત ભગવંતે પ્રશંસા કરેલી છે તેવા દેવતાઓ પણ જળસ્થળના નીપજેલા પુષ્પોથી જિનબિંબને પૂજે છે. **શ્રી રાજપ્રશ્નીય** સૂત્રમાં તથા **જીવાભિગમ સૂત્ર**માં કહ્યું છે કે-"નંદા પુષ્કરિણી નામે દેવતાની વાપિકા છે તેમાં યાવત્ હજાર પાંખડીનાં કમળો ઉગે છે; તે વાપિકામાં પ્રવેશ કરીને દેવતાઓ તે કમળ ગ્રહણ કરે છે, ગ્રહણ કરીને તે વાપિકામાંથી નીકળે છે, નીકળીને જ્યાં શાશ્વતા જિનમંદિર છે ત્યાં જાય છે અને તે કમળોવડે પરમાત્માની પૂજા કરે છે. ઇત્યાદિ." **શ્રી સમવાયાંગ** સૂત્રમાં ૩૪ અતિશયના અધિકારમાં કહ્યું છે કે-"પ્રભુ કેવળજ્ઞાન પામે છે ત્યારે વાયુકુમાર દેવો એક યોજન ક્ષેત્રને સાફ કરે છે, મેઘકુમાર દેવો સુગંધી જળની વૃષ્ટિવડે તે જમીનમાં ઉડતી રજ શાંત કરે છે, અને ષટ્ઋતુના અધિષ્ઠાયક દેવો જળસ્થળના ઉત્પન્ન થયેલા દેદીપ્યમાન પંચવર્ણાં પુષ્પોના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાનુ પ્રમાણ પગર ભરે છે." આ પ્રમાણે સમવસરણ પ્રકરણમાં પણ કહ્યું છે.

અહીં કોઇ (ઢુંઢકમતિ) "જળસ્થળના ઉપજેલાં પુષ્પોની જેવાં પુષ્પો" એમ કહે છે તે અસત્ય છે. કારણ કે ઇવ અથવા તેવો બીજો ઉપમાવાચક શબ્દ મૂળ સૂત્રમાં લખેલો નથી. વળી શ્રી રાજપ્રશ્નિય સૂત્રમાં જિન પ્રતિમાની આગળ પુષ્પના પુંજ કરવા સંબંધી પાઠ છે ત્યાં પણ 'જળસ્થળના ઉપજેલાં સચિત પુષ્પોનો પુંજ કરે છે' એમ કહ્યું છે. તેમજ જ્ઞાતાસૂત્રમાં સમકિતધારી દ્રૌપદીએ કરેલ જિનપૂજાનો વિધિ સૂર્યાભદેવના જેવોજ વર્ણવેલો છે. કાંઇ પણ ન્યુનાધિક વર્ણવેલ નથી. ત્યારે જો દેવતાઓએ કરેલો પુષ્પનો પુંજ વિકુર્વેલો કહીએ તો દ્રૌપદીએ કરેલો પુષ્પનો પુંજ વિકુર્વેલો શી રીતે સંભવે? માટે એક સરખા સૂત્રપાઠમાં પૂર્વાપર વિરોધવાળો અર્થ કરવો તે ઘટિત નથી. એક ઠેકાણે સાંધે ત્યાં બીજે ઠેકાણે તુટે એવો ન્યાય સુજ્ઞજનો કરેજ નહીં. દેવતાઓમાં જો કે અનેક પ્રકારનું સામર્થ્ય છે તથાપિ સિદ્ધાંતના અર્થ કરવામાં કોઇની કલ્પિત મતિ ચલાવી શકાતી નથી.

વળી નારકી વિના ૨૩ દંડકના જીવો પુષ્પપણું પ્રાપ્ત કરે છે તેમાં ઇશાનદેવલોક સુધીના જીવો પણ આવે છે તો તેનામાં કાંઇક પુણ્ય પ્રકૃતિ રહેલી છે અને તેથીજ તે જિનપૂજાના ઉપયોગમાં આવે છે.

પુષ્પપૂજા વિષે કુમારપાળ રાજાના પૂર્વ ભવનું વૃત્તાંત દૃષ્ટાંત રૂપે છે તે આ પ્રમાણે—

એકદા કુમારપાળ રાજાએ શ્રી હેમચંદ્રસૂરિને પોતાનો પૂર્વભવ પૂછ્યો; એટલે હેમચંદ્રાચાર્યે સિદ્ધપુર જઇ સરસ્વતિ નદીને તીરે અઠ્ઠમતપ કરી સૂરિ મંત્રના બીજા પીઠની અધિષ્ઠાત્રી દેવીની આરાધના કરી. દેવીએ પ્રગટ થઇ હેમચંદ્રાચાર્યના પુછવાથી કુમારપાળનો પુર્વભવ કહ્યો. સૂરિએ પાટણ આવી કુમારપાળ તથા નગરજનોની સમક્ષ આ પ્રમાણે તેના પૂર્વ ભવનું વૃત્તાંત કહ્યું—

" હે રાજન્! મેવાડના સીમાડામાં જયકેશી નામે રાજા હતો. તેને નરવીર નામે પુત્ર હતો. તે સાત વ્યસનનો સેવનારો થવાથી તેના પિતાએ તેને નગર બહાર કાઢી મુક્યો. તે પર્વતની શ્રેણીમાં કોઇ પાળનો સ્વામી પલ્લીપતિ થયો. એક વખતે જયંતિક નામના સાર્થપતિનો સાર્થ તેણે લુંટી લીધો. સાર્થપતિ નાસીને માળવાના રાજાને શરણે ગયો અને તે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નું સૈન્ય લાવી પેલી પાળ ઘેરી લીધી. નરવીર નાસી ગયો. સાર્થવાહે પણ ભાંગી. નરવીર હાથ ન આવવાથી તેની સ્ત્રી જે સગર્ભા હતી તેને તેણે મારી. ગર્ભ તેના ઉદરમાંથી નીકળી તરફડીને મરણ પામ્યો. માળવપતિએ વાતની ખબર પડવાથી તે સાર્થવાહને એ હત્યાનો કરનારો જાણી પોતાના દેશમાંથી તિરસ્કાર કરી કાઢી મુક્યો. તેને દુઃખગર્ભિત વૈરાગ્ય થવાથી તે તાપસ થયો, અને તપસ્યા કરી મૃત્યુ પામીને જયસિંહ નામે ગુજરાતનો રાજા થયો. પરંતુ પૂર્વ જન્મે હત્યા કરેલી હોવાથી તે અસંતાન રહ્યો.

નરવીરને દેશાંતર જતાં માર્ગમાં યશોભદ્રસૂરિ મળ્યા. તેણે નરવીરને હિંસાકારક જાણી ઉપદેશ આપ્યો–" અરે ક્ષત્રિય ! તું ક્ષાત્ર કુળમાં જન્મી હિંસા કેમ કરે છે ? એક જગ્યાએ કહ્યું છે કે–'અરે તું ક્ષત્રિય છે તેથી તારાં બાણ પાછાં સંહરી લે, કારણ કે ક્ષત્રિયનાં શસ્ત્રો તો અન્યના રક્ષણ માટે હોય છે; નિરપરાધીને હણવા માટે હોતાં નથી. " આવો ઉપદેશ સાંભળી લજ્જિત થઇને નરવીર બોલ્યો–" હે સ્વામી ! આપ કહો છો તે સત્ય છે, પરંતુ ક્ષુધાતુર માણસ શું પાપ નથી કરતો ? ક્ષીણ પુરૂષો પ્રાયે નિર્દયજ હોય છે. " ગુરૂ મહારાજે ક્ષુધાતુર માણસે કેવો આહાર લેવો જોઇએ તે સંબંધમાં વિશેષ ઉપદેશ આપ્યો જેથી નરવીર વ્યસન રહિત થયો.

ત્યાંથી ફરતો ફરતો નરવીર નવલાખતૈલંગ દેશમાં એકશિલા નગરીએ ગયો. ત્યાં ઉઢેર નામના શેઠને ઘેર ભોજન વસ્ત્ર મળવાની સરતે નોકર થઇને રહ્યો. ઉઢેર શેઠે તો નગરમાં એક ચૈત્ય બંધાવેલું હતું. પર્યુષણ પર્વ આવ્યે શેઠ પરિવાર સહિત પોતાના કરાવેલા ચૈત્યમાં પૂજા કરવા ગયો. મોટી વિધિ પૂર્વક પૂજા કર્યા પછી શેઠે સાથે આવેલા નરવીરને શેષ વધેલાં પુષ્પો આપતાં કહ્યું કે ' આ પુષ્પ લેને તું પણ પ્રભુની પૂજા કર. નરવીર પોતાના શેઠનાં વચન સાંભળી પ્રભુની મૂર્તિ જોઇને વિચારમાં પડ્યો કે–'મેં આવા પરમેશ્વર કોઇ દિવસે જોયા નથી. આ પ્રભુ અપૂર્વ જણાય છે. વળી રાગ દ્વેષ ને મોહાદિકનાં ચિન્હો સ્ત્રી શસ્ત્ર માળાદિક ન હોવાથી આ સાચા પરમેશ્વર જણાય છે તો આવા પરમેશ્વરની પૂજા હું બીજાના આપેલા ફુલથી શા માટે કરૂં ? " આ પ્રમાણે વિચારી પોતાની પાસે પાંચ કોડી માત્ર હતી તેના તેણે પુષ્પ ખરીદ કર્યા. પછી નેત્રમાં આનંદના આંસુ લાવી પ્રસન્ન થઈ વિકસ્વ

For Private And Personal Use Only

બુદ્ધિવડે તેણે પ્રભુની પૂજા કરી. પૂજા કર્યા પછી ભક્તિભાવ વૃદ્ધિ પામવાથી તે બોલ્યો કે–" હે પ્રભુ ! તમે દયાળુ હોવાથી મારી પૂજા સ્વીકારીને મને સંસારમાંથી ઉદ્ધર્યો છે. નહીંતો ઇંદ્રાદિકોને પણ દુર્લભ એવી તમારી ભક્તિ કરવાનો અવસર મને ક્યાંથી મળે ? આપની કૃપાથીજ તે મને મળ્યો છે. આજે હું કૃતાર્થ થયો છું. મારો મનુષ્યજન્મ પણ આજે સફળ થયો છે. " આ પ્રમાણે હૃદયના ઉલ્લાસથી વારંવાર બોલતો નરવીર ઉઢેર શેઠની સાથે જિનમંદિરની બહાર નીકળ્યો, અને પાસેના ઉપાશ્રયમાં રહેલા યશોભદ્રસૂરિ પાસે પોતાના શેઠની સાથે આવ્યો. ત્યાં ગુરૂને પગે લાગી ગુરૂની દેશના સાંભળી. દેશનાને અંતે શેઠે ઉપવાસનું પચ્ચખ્ખાણ લીધું એટલે નરવીરે પણ ઉપવાસ કર્યો.

અનુક્રમે ભદ્રીકભાવે ધર્મ આરાધી ત્યાંથી મૃત્યુ પામી તે નરવીરનો જીવ તે તું ત્રિભુવનપાળનો પુત્ર કુમારપાળ થયો છે. ઉઢેર શેઠ મૃત્યુ પામી ઉદયનમંત્રી થયો છે અને યશોભદ્રસૂરિ તે હું હેમચંદ્ર થયો છું."

આ પ્રમાણે હે કુમારપાળ ! તમારા પૂર્વ ભવનો વૃત્તાંત છે. હવે આગામી વૃત્તાંત પણ કહું છું તે સાંભળો–" અહીંથી આયુષ્ય પૂર્ણ કરી તમે વ્યંતર જાતિમાં મહર્દ્ધિક દેવતા થશો. ત્યાંથી ચ્યવી આજ ભરતક્ષેત્રમાં ભદ્દિલપુર નગરમાં શતાનંદ રાજાની ધારણી નામે રાણીથી શતબળ નામે પુત્ર થશો. તેજ ભવમાં શ્રી પદ્મનાભ પ્રભુના અગ્યારમા ગણધર થઇ મોક્ષ સુખને પામશો. "

આ પ્રમાણે પોતાના પૂર્વભવનો તથા આગામી ભવનો વૃત્તાંત સાંભળી કુમારપાળ બહુ પ્રસન્ન થયા. પછી ગુરૂની સંમતિ મેળવી પોતાના એક સેવકને પોતાના પૂર્વભવના શેઠના નગરમાં મોકલ્યો. તે સેવક ઉઢેર શેઠના પુત્રને મળ્યો અને તેની પાસેથી તેના સેવક નરવીર વિષેની બધી વાત સાંભળી. પાટણ આવીને તેણે બધી હકીકત કુમારપાળ રાજાને નિવેદન કરી. ગુરૂના કહેવા પ્રમાણે બધી હકીકત મળતી આવવાથી રાજા ઘણો ખુશી થયો, અને સર્વ સંઘની સમક્ષ શ્રી હેમચંદ્રાચાર્યને "કલિકાળ સર્વજ્ઞ"નું બિરૂદ આપ્યું.

આ પ્રબંધ ઉપરથી સાર એ લેવાનો છે કે જિનપૂજાના પ્રભાવથી પૂર્વ ભવમાં અનુચર હતો તે આ ભવમાં રાજા થયો. વળી જિનપૂજામાં પુષ્પની સંખ્યાનું પ્રમાણ નથી, પરંતુ ભાવાધિક પુષ્પવડે કરેલી પૂજા મહાફળને આપેછે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ આખો લેખ લખવાનું મુખ્ય પ્રયોજન હાલમાં પુષ્પપૂજામાં આ બધું જિનાજ્ઞાનું વિરાધકપણું આવવાનું તે છે. હાલમાં મુંબઈ જેવા શહેરમાં અને સિદ્ધાચળજી જેવા મહાતીર્થમાં તેમજ બીજે અનેક સ્થાને પુષ્પના જીવોની દયાને તદ્દન ભૂલી જઈ નિર્દયપણે માળી પાસે અગર પોતાને હાથે તેના શરીરમાં સોય કે સળી પરોવી હાર બનાવી પુષ્કળ સંખ્યામાં પૈસાની પણ ગણત્રી શિવાય પ્રભુને ચડાવવામાં આવે છે. આમાં ભક્તિ કરતાં અભક્તિ વધારે થાય છે, કારણ કે તેમાં જિનાજ્ઞાનું વિરાધકપણું છે. તે સાથે જે હેતુથી પુષ્પ લાવવામાં આવે છે તે હેતુ તદ્દન જળવાતો નથી. તેને પીડાના સંતાપમાંથી મુક્ત કરી અભયદાન દેવા માટે લાવ્યા હતા તે પોતેજ પાછા પીડાકારક થાય છે.

ઉપરના લેખમાં ક્યારે કેમ ચુંટવા તે સ્પષ્ટ શબ્દોમાં બતાવેલ છે અને કેવી કેવી પીડા ન થવા માટે પુષ્પો લાવવામાં આવે છે તે પણ બતાવ્યું છે. વાંચનાર જૈનબંધુઓ તે શબ્દો પોતાના હૃદયમાં ધારણ કરી તેને અનુસરતું વર્તન કરશે તો અમારો લેખ લખવાનો પ્રયાસ સફળ થશે અને તેમના આત્માનું પણ હિત થશે. કિંબહુના !

# કવિ શુભચંદ્ર વિરચિત જ્ઞાનાર્ણવે સવીર્યધ્યાનનો સારાંશ.

ધ્યાન કરવાની પ્રતિજ્ઞા પહેલી કેવી કરવી તે કહે છે;—

ધ્યાન કરવામાં ઉદ્યમી પહેલો એવો વિચાર કરે કે અહો ! મેં આ ભવરૂપી મહાવનને વિષે કર્મરૂપી વૈરીઓએ અનંત ગુણરૂપ કમળોને વિકાસ કરનારા સૂર્ય જેવા મારા આત્માને ઠગી લીધો. (૨) વળી વિચારે કે પોતાનાજ વિભ્રમથી ઉપજેલા રાગાદિક નિબિડ બંધનોવડે બંધાયેલા એવા મારી આ ભયંકર સંસારમાં અનંતકાળ સુધી વિડંબના થઇ. (૩) હવે (કોઈ પણ ભાગ્યયોગે) મારો રાગજ્વર નાશ પામ્યો, અને મારી મોહનિદ્રા પણ ટળી તો હું ધ્યાનરૂપ તીક્ષ્ણ ખડ્ગની ધારથી કર્મશત્રુને હણું. (૪) અજ્ઞાનવડે ઉપજેલા અંધકારને દૂર કરી હું મારા આત્માનેજ જોઉં, અને કર્મ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધનના મોટા સમૂહને બાળી નાખ્યું. (૫) મિથ્યા જ્ઞાનરૂપ મહામોહ (જલમાં રહેલાને પણ ખેંચી જનાર જલજંતુ) ના દાંતથી ચવાઈ ગયું છે ચિત્ત જેનું એવા મેં સકળ લોકને જોવા અદ્વિતીય લોચન જેવા મારા આત્માને પણ ન ઓળખ્યો. (૬) શરૂઆતમાં ભોગવતી વખતે રમ્ય પણ અંતે નીરસ એવા ઇંદ્રિયોના વિષયોએ પરમાત્મા-પરમજ્યોતિ અને જગજ્જ્યેષ્ઠ એવા પણ મને ઠગી લીધો. (૭) હું અને પરમાત્મા-એમ બંને જ્ઞાનના લોચનરૂપ છીએ, તો હું પરમાત્મ સ્વરૂપ પ્રાપ્ત કરવા માટે તે પરમાત્માને જાણવા ઇચ્છું છું.

(૮) અનંત ચતુષ્ટય ( અનંત જ્ઞાન-દર્શન ચારિત્ર અને વીર્ય ) આદિ ગુણોનો સમૂહ મારી સત્તામાં રહેલો છે, અને અરિહંત સિદ્ધપરમેષ્ઠીને તેજ પ્રગટ થયેલો છે. અમારા બેમાં-પરમાત્મા અને મારામાં-આટલો ભેદ શક્તિ (સત્તા) અને વ્યક્તિ (પ્રગટભાવ) ના અભાવથી છે. શક્તિથી સમાન અને વ્યક્તિથી ભેદ છે. કહ્યું છે કે વિશેષ રહિત (સામાન્ય) અને વિકાર (વિપાક ભાવાદિક) થી ઉત્પન્ન થતા (મતિજ્ઞાનાદિક) આત્માના ગુણો પૂર્વે નહોતા એમ નથી, તેમજ પૂર્વે નહોતા એવા કેટલાક નવા પણ ઉપજે છે; પરંતુ સ્વાભાવિક વિશેષ અનંત જ્ઞાનાદિક અભૂત પૂર્વે-પૂર્વે નહિ થયેલા-નવીન છે; એટલે કે આત્મદ્રવ્યમાં સામાન્ય રીતે મતિજ્ઞાનાદિક ગુણો ભૂતપૂર્વ-પૂર્વવિદ્યમાન-પણ કહેવાય, અભૂત પૂર્વે-અવિદ્યમાન નવીનપણુ કહેવાય, અને વિશેષ રીતે અનંત ચતુષ્ટય અભૂત પૂર્વે એટલે નવીન કહેવાય. એ પ્રમાણે નયવિભાગે કરી વસ્તુસ્વરૂપ જાણવું (ઘટે છે.)

વળી એમ વિચારે કે શુદ્ધ દ્રવ્યાર્થિક નયની દૃષ્ટિથી દેખું તો હું નારક નથી, તિર્યંચ નથી, મનુષ્ય નથી, અને દેવ નથી; પરંતુ સિદ્ધાત્મા છું; નારકાદિક અવસ્થા સર્વ કર્મનું પરાક્રમ છે.

વળી એવી ભાવના કરે કે અનંતવીર્ય અનંતવિજ્ઞાન અનંતદર્શન અને અનંત આનંદ સ્વરૂપ પણ હું છું, તો હું તેના પ્રતિપક્ષ (શત્રુ) ભૂત કર્મ વિષવૃક્ષને કેમ આજે મૂળથી ઉખેડી ન નાખું ! અવશ્ય ઉખેડી નાખું જ.

વળી એવી ભાવના કરે કે આજે પોતાનું સામર્થ્ય મેળવી આનંદ મંદિરમાં પ્રવેશ કરી બાહ્ય પદાર્થોમાં સ્પૃહા રહિત થયેલો હું પોતાના સ્વરૂપથી ચ્યુત (ભ્રષ્ટ) નહિ થાઉં. જ્યારે આત્મા પોતાના સ્વરૂપમાં સ્થિર થાય છે ત્યારે આનંદમય થાય છે અને અન્ય વસ્તુઓમાં સ્પૃહા રહિત બને છે (વાંછા રહિત થાય છે) તો પછી પોતાના સ્વરૂપથી પાછો કેમ પડે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્મરૂપી શત્રુએ અનાદિકાળથી પાથરેલી અવિદ્યા-મિથ્યાજ્ઞાન-જાળને આજ છેદીને આજેજ મારે મારા સ્વરૂપનો પરમાર્થથી નિશ્ચય કરવો છે. એ પ્રમાણે ધ્યાનનો ઉદ્યમ કરનાર પોતાનું પરાક્રમ સંભાળી પ્રતિજ્ઞા કરે છે એ પ્રમાણે પ્રતિજ્ઞા કરી ધીર પુરૂષ સકળ રાગાદિક-કલંકથી રહિત થઇ ચંચળતા રહિત થઇ ધર્મધ્યાનનું આલંબન કરે છે, અને વિશાલ બળ હોય શુકલધ્યાન યોગ્ય સામગ્રી હોય તો શુકલ ધ્યાનનું આલંબન કરે છે.

નિર્મળબુદ્ધિ પુરૂષો ધ્યેય વસ્તુ શું હોય તે કહે છે. ધ્યાન વસ્તુનું થાય છે. અવસ્તુનું થતું નથી. વસ્તુ ચેતન અને અચેતન એમ બે પ્રકારની હોય છે. ચેતન તે જીવદ્રવ્ય છે. અચેતન તે પાંચ પ્રકારના ધર્માદિક દ્રવ્યો છે. વળી વસ્તુ ઉત્પત્તિ, વિનાશ અને સ્થિતિ યુક્ત છે. સર્વથા નિત્ય અથવા સર્વથા અનિત્ય નથી. વળી તે મૂર્ત અથવા અમૂર્ત હોય છે. પુદ્‌ગલ મૂર્ત છે. ચેતનાદિ અમૂર્ત છે. શુદ્ધ ધ્યાનથી દૂર કર્યું છે કર્મરૂપી આવરણ જેણે એવા મુક્તિના ભર્તાર (સ્વામી) સર્વજ્ઞ દેવ-શરીરવાળા સર્વ ઉપદ્રવ રહિત અરિહંત ભગવાન્ અને બીજા શરીર રહિત સિદ્ધ ભગવાન્ (ધ્યેય) છે.

આ જીવાદિક છ દ્રવ્યો છે તે ચેતન અને અચેતન લક્ષણ લક્ષિત છે તે સર્વે ધર્મધ્યાનમાં તેમના સ્વરૂપમાં વિરોધ ન આવે તેમ બુદ્ધિવાન પુરૂષોએ ધ્યાવા યોગ્ય છે.

જ્યારે ધ્યાન પૂરૂં થાય ત્યારે બુદ્ધિવાન પુરૂષ મનને સમાધિયુક્ત કે સામ્યયુક્ત કે કરૂણારૂપ સમુદ્રમાં મગ્ન કરે.

અથવા બીજી રીતે-ત્રણ લોકના નાથ અમૂર્ત, પરમેશ્વર, પરમાત્મા, અવિનાશી દેવનું સાક્ષાત્ ધ્યાન કરવાનો આરંભ કરે.

શક્તિ અને વ્યક્તિની વિવક્ષાથી ત્રિકાળ ગોચર સામાન્ય દ્રવ્યાર્થિક નયના મતથી સાક્ષાત્ એક એવા પરમાત્માનો અભ્યાસ કરે-સંસાર અવસ્થામાં શક્તિરૂપ પરમાત્મા છે. મુક્તાવસ્થામાં વ્યક્તિરૂપ પરમાત્મા છે અભેદ નયથી આત્મામાં ભેદ નથી. હવે પરમાત્મા કેવા છે તે કહે છે-પ્રથમ તો સાકાર-શરીરઆકાર સહિત છે. પછી નિર્ગતાકાર-આકાર રહિત પણ છે. અર્થાત્ પુદ્‌ગલના જેવો તેનો આકાર નથી. ક્રિયા રહિત છે. પરમાક્ષર સ્વરૂપ છે. વિકલ્પ રહિત છે. નિષ્કંપ છે. નિત્ય છે. આનંદ મંદિર છે. વિશ્વરૂપ છે-સમસ્ત જ્ઞેય પદાર્થોનો આકાર જેમાં પ્રતિબિંબિત છે. મિથ્યાદ્રષ્ટિએ જેનું સ્વરૂપ જાણ્યું નથી એવો છે. સદાકાળ ઉદય પામેલો છે. કૃતકૃત્ય છે-

For Private And Personal Use Only

જેને કશું કરવાનું બાકી રહ્યું નથી. શિવ-કલ્યાણરૂપ છે. શાંત-ક્ષોભરહિત છે. નિઃકલ-શરીર રહિત છે. કરણચ્યુત-ઇંદ્રિયો વિનાનો છે. સમસ્તભવથી ઉપજેલા કલેશ રૂપ વૃક્ષને દગ્ધ કરવા અગ્નિ સમાન છે. શુદ્ધ-કર્મ રહિત છે. અત્યંત નિર્લેપ છે-કદિ જરા પણ કર્મનો લેપ લાગતો નથી. જ્ઞાનરાજ્ય સર્વજ્ઞપણા વિષે સ્થાપિત છે. નિર્મળ અરિસામાં સંક્રમેલા પ્રતિબિંબ સમાન જેની પ્રભા છે-જ્યોતિર્મય-જ્ઞાન પ્રકાશરૂપ છે. મહા શક્તિવાન છે. પરિપૂર્ણ છે. પુરાતન છે-કોઇએ નવો બનાવ્યો નથી. નિર્મળ આઠ ગુણો સહિત છે. નિર્દ્વંદ્વ-રાગાદિ રહિત છે. રોગરહિત છે. અપ્રમેય-અમાપ-જેનું પ્રમાણ ન કરી શકાય એવો છે-પ્રમાણ ગોચર નથી. વિશ્વતત્ત્વની વ્યવસ્થા જેણે જાણી છે. જે બાહ્યજ્ઞાનેથી ગ્રહણ યોગ્ય નથી. અંતર્ભાવથી ક્ષણમાત્રમાં ગ્રહણ યોગ્ય છે. એવા સ્વભાવવાળું શાશ્વત સ્વરૂપ પરમાત્માનું છે. વળી જે અણુથી પણ સૂક્ષ્મ છે અને આકાશ કરતાં પણ મોટો છે તે સિદ્ધાત્મા; જગતવંદ્ય, અત્યંત નિર્મળ-શાંત સુખમય નિમગ્ન થયા છે. જેના ધ્યાન માત્રથી સંસારથી થતા જન્મમરણાદિક રોગો નષ્ટ થાય છે, અન્યથા નષ્ટ થતા નથી. તે આ સિદ્ધાત્મા જગતના પ્રભુ અવિનાશી પરમાત્મા છે. જે પરમાત્માના જાણ્યા વિના બીજું બધું જાણ્યું નકામું છે, અને જેને જાણ્યે છતે સમસ્ત-સર્વ જણાઇ ચૂક્યું એમાં સંદેહ નથી. જે પરમાત્માનું સ્વરૂપ જાણ્યા વિના આત્મતત્ત્વનો નિશ્ચય થતો નથી-આત્મસ્વરૂપમાં રમણ થતું નથી; અને જેને જાણીને મુનિઓએ સાક્ષાત્ તેજ પરમાત્માનો વૈભવ પ્રાપ્ત કર્યો છે. માટે મુક્તિને ઇચ્છનાર મુનિઓએ એજ પ્રભુનું ધ્યાન કરવું, અને અન્ય સર્વ શરણ છોડી-તેનુંજ એક શરણ ગ્રહી તેને વિષે પોતાના અંતરાત્માને જોડી દઇ તેનેજ વિશેષ પ્રકારે જાણવો—જોવો.

જે વાણીને અગોચર છે-વર્ણવી શકાય નહિ એવા અવ્યક્ત અનંત-નાશ વિનાના શબ્દ વર્જિત-જેને શબ્દ નથી, જેને જન્મ નથી અને સંસારભ્રમણથી રહિત એવા પરમાત્માનું વિકલ્પ રહિત ચિંતન કરવું. જેના જ્ઞાનના અનંત ભાગમાં દ્રવ્ય પર્યાય યુક્ત લોકાલોક આવી રહેલું છે એવા પરમાત્મા ત્રણ લોકના ગુરૂ હોય-અર્થાત્ જેનું જ્ઞાન અનંતુ છે તેજ ત્રણ લોકના ગુરૂ છે-હોઇ શકે.

ધ્યાન કરનાર મુમુક્ષુ (મુનિ) પરમાત્માના સ્વરૂપમાં પોતાનું મન લગાવી તેના

[illegible] રહિત થયો એવો યોગી પોતાના આત્માને તેના વિષે તેનું ધ્યાન કરવા જોડી દે છે. એ પ્રમાણે નિરંતર સ્મરણ કરતો અને તે પરમાત્માનું સ્વરૂપ અવલંબ્યું છે જેણે એવો યોગી ગ્રાહ્ય (એ પરમાત્માનું સ્વરૂપ મારે ગ્રહણ કરવા યોગ્ય છે) અને ગ્રાહક (એને ગ્રહણ કરનાર હું છું) એવા ભેદ [illegible] તન્મયપણાને (એકીભાવને) પામે છે. કેવળ તેનો સ્નેહ [illegible] ધ્યાન [illegible] મુનિ અન્ય સર્વ શરણ છોડી અર્થાત્ તેનુંજ એક શરણ લઇ તે પરમાત્માના સ્વરૂપમાં એવી રીતે લીન થઇ જાય છે કે ધ્યાતા (ધ્યાન કરનાર) અને ધ્યાન એ બન્નેનો અભાવ થવાથી ધ્યેયની સાથે એકતા પ્રાપ્ત થાય. અર્થાત્ ધ્યાતા, ધ્યાન અને ધ્યેયનો ભેદ રહેતો નથી. અર્થાત્ [illegible] ધ્યેયરૂપ થાય છે. જે ભાવમાં આત્મા પરમાત્મામાં અભેદપણે લીન થાય તેજ સમરસીભાવ-આત્માપરમાત્માનો એકતાભાવ છે. તેજ આત્મા પરમાત્માનું એકી કરણ છે. સમરસી ભાવથી આત્મા પરમાત્મા થાય છે.

એકી કરણમાં આત્મા પરમાત્માના શરણ સિવાય બીજું શરણ નથી. તેમાંજ તેનું મન લીન થઇ ગયેલું હોય છે. તેનાજ ગુણો (પરમાત્મા જેવા અને પરમાત્મા જેટલાજ અનંતા) તેનામાં હોય છે. તેનુંજ શુદ્ધ સ્વરૂપ (બરાબર) પોતાનું સ્વરૂપ હોય છે. તે અને એ એક સ્વરૂપવાળા હોવાથી તે તેજ છે. એ પ્રમાણે પરમાત્માના ધ્યાનથી આત્મા પરમાત્મા થાય.

જે પરમાત્માના જ્ઞાનવિના પ્રાણી નિશ્ચે જન્મરૂપી વનમાં ભમે છે ને જે પરમાત્માને જાણવાથી તરતજ ઇંદ્રિના ગુરૂ કરતાં પણ વધારે [illegible] છે તે પરમાત્મા સાક્ષાત્ સકલ લોકના આનંદનિવાસ છે. ઉત્કૃષ્ટ જ્ઞાનરૂપ પ્રકાશક છે. રક્ષક છે. પરમપુરૂષ છે. જેનું ચરિત્ર ચિંતવી પણ ન શકાય એવા પરમાત્મા છે. એ પ્રમાણે ધ્યાનમાં નિરંતર ભાવનાથી જન્મ જરા રહિત પરમાત્માને ધ્યાની સદા ધ્યાવે છે-ભાવે છે તે સાલંબધ્યાન કહેવાય છે.

કર્પૂરવિજયજી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ધર્મનું દૃશ્ય તથા આંતરિક સ્વરૂપ.[1]

The man whose heart is without holiness suffers torture only, by undergoing penances in ignorance of their meaning.

દરેક ધર્મ બે શાખાઓમાં વહેંચાયેલ હોય છે. દૃસ્ય તથા આંતરિક. જૈનધર્મ પણ આ બે શાખાઓમાં વહેંચાયેલ છે. ચૈત્ય બંધાવવાં, અર્હત્ તીર્થંકરની પૂજા કરવી, રથયાત્રાદિક ઉત્સવ કરવા, ઉપવાસ કરવા, કેટલીએક વનસ્પતિ તથા રસ ત્યાગવા અને આવાજ અન્ય વિષયો દૃસ્ય સ્વરૂપમાં આવે છે. અને જૈનધર્મ ઇશ્વર, આત્મા તથા વસ્તુ[2] માટે શું પ્રતિપાદન કરે છે? સૃષ્ટિ સંબંધી તેના સિદ્ધાંત શું છે? વસ્તુસ્વરૂપ તેણે કેવી રીતે સમજાવ્યું છે? તેનું મનન કરવું, સત્ય બોલવું અને સર્વ પ્રાણી તરફ દયા અને ઉપકારની વૃત્તિ રાખતાં શીખવું તે આંતરિક સ્વરૂપમાં આવે છે.

આ બંને સ્વરૂપને સ્પષ્ટ રીતે જાણ્યા પછી જે પ્રશ્ન ઉભો થાય છે તે એ છે કે આ બે સ્વરૂપમાંથી કયું વધારે અગત્યવાળું અને ધ્યાન ખેંચે તેવું છે. એકને અન્ય કરતાં સદંતર ઉચ્ચતા આપવી તે ખોટુંજ છે, કારણ કે ધર્મના અસ્તિત્વ માટે આ બંનેની જરૂરીઆત છે, પણ ધર્મનું આંતરિક સ્વરૂપ તેના અનુયાયીઓને ઉમદા તથા શુદ્ધ અંતઃકરણવાળા કરે છે; અને તેના દૃસ્ય સ્વરૂપ તરફજ માત્ર જોનારા તેઓને તથા ધર્મને પણ નીચી સ્થિતિએ આણે છે. આમને કહેવાની ફરજ પડે છે અને તે કથનમાં અમને દિલગીરી પણ લાગે છે કે આપણામાં-જૈનોમાં ઘણા દૃસ્ય સ્વરૂપ તરફ વલણ બહુ વધી ગયું છે. આપણે તેને અનુચીત પ્રધાનતા આપીએ છીએ; અને આંતરિક સ્વરૂપને વીસારી મુકી દૃસ્યનેજ ધર્મ માનવા લાગ્યા છીએ. એકહજાર જૈનોના સમુહમાં દશ જૈન પણ એવા ગણવા મુસ્કેલ પડશે કે જેઓ એકાન્ત અને અનેકાન્ત શબ્દનો ભાવાર્થ સમજતા હોય. અથવા જૈનધર્મ ઇશ્વર, આત્મા, વસ્તુ માટે શું કહે છે તેનું જ્ઞાન ધરાવતા હોય.

---

1 એપ્રીલ માસના "જૈન ગેઝેટ" માંના "Form & spirit of Religion" નામના વિષયનું અનુકરણ

2 God, soul, matter.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાન રહિત જૈનો તેના સિદ્ધાંતો ઉપરથી શું સાર લઇ શકે? જે વસ્તુનું જ્ઞાન હોય નહિ તે અમલમાં આવવી અસંભવિતજ છે. સેંકડે નવાણું માણસો રથયાત્રામાં આનંદ લેતા, અથવા અમુક વનસ્પતિ ત્યજવાનો પ્રયત્ન કરવામાં મશગુલ રહેતા અને કુમળી વયના બાળકોને જોરથી તે શીખવતા માલુમ પડશે. તેથી પછી એજ કાર્યને ધર્મનું શુદ્ધ સ્વરૂપ માનીને જૈન ધર્મમાં પ્રતિપાદીત ઉચ્ચ વિચારો પ્રતિ યોગ્ય કિંમરે પણ તેમનું ધ્યાન ખેંચાતું નથી.

ગામડામાંથી આવનારને પણ વનસ્પતિ માટે અતિશય લાગણી હોય છે. સાધારણ વનસ્પતિકાય તથા બાદરમાંથી કેટલીએક તેણે ત્યજી હોય છે. સૂક્ષ્મ અદ્રસ્ય જંતુ માટે તેને તીવ્ર લાગણી થાય છે, પણ અસત્યને કૃત્રિમ વાતો કરતાં, તથા જુઠા દસ્તાવેજો ઉત્પન્ન કરતાં તેની સહજ પણ વૃત્તિ દુભાતી નથી-સંકોચ થતો નથી; અથવા નાના જીવોની કાલામણાથી જે દયાની લાગણી થતી હોય છે તેમાંનો એકાંશ પણ અત્ર દ્રષ્ટિગોચર થતો નથી. પોતાનું ઇપ્સીતાર્થ સાધવા સેંકડો અસત્ય બોલતાં, અસત્ય આચરણ કરતાં તેને સહજ પણ ડર લાગતો નથી. શું સૃષ્ટિ આવા માણસને સદ્વર્તનશાળી તથા વીવેકી કહેશે? શું આવા માણસથી જૈનધર્મની શોભા-કીર્તિ તથા શાસ્ત્રની ઉચ્ચતામાં વધારો થઇ શકશે? જેની દ્રષ્ટિમાં આવા જૈન આવે તે શું એમ કહી શકશે કે જૈનધર્મમાં ઉચ્ચ નીતિ પ્રતિપાદન કરી છે? શું અન્યને આવા માણસ અનુકરણીય થશે? વળી ઉપવાસો ઉપર ઉપવાસો કરનાર જૈન સ્ત્રીઓ તરફ દ્રષ્ટિ ફેરવો-વ્રતો તેને મન સાધારણ થઇ રહ્યા હોય છે. ઘણા પ્રકારનાં વ્રતો તે આચરે છે અને ઘણી વસ્તુઓ તે ત્યાગ કરે છે; પણ વ્રત કરવાથી જે રાગ દ્વેષને જીતવાના છે તે કેટલી કરે છે? એવી બહુ થોડી સ્ત્રીઓ દ્રષ્ટિપથમાં આવશે કે જેણે રાગ દ્વેષ ઉપર જરાપણ જય મેળવ્યો હોય. અને ક્રોધ, માન, માયા, લોભરૂપ ચાર કષાય થોડા પણ નીવાર્યા હોય. જ્યાં સુધી આ થયું નથી ત્યાં સુધી તે બાહ્યક્રિયાઓ તેને બહુ સ્વલ્પ ફળ આપનાર છે. અને કદાચ કોઇને કેટલીક રીતે પાપબંધન હેતુ પણ થાય તો ના ન કહેવાય. જૈન કુટુંબોના મોટા ભાગની સ્ત્રીઓ માંહોમાંહે કજીઆ કંકાસ કરતી, અદેખાઇરૂપ અગ્નિથી બળતી જોવામાં આવે છે. ઇર્ષાદિ દોષોએ તેના મન ઉપર સામ્રાજ્ય મેળવ્યું હોય

અહીં એમ લેશ પણ સમજવાનું નથી કે આ લખાણ અમુક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્પતિ ન ખાવી, સાધ્ય જંતુની હિંસા ન કરવી વિગેરે ધર્મના દૃશ્ય સ્વરૂપને દૂર કરવા માટે છે. દૂર કરવા નહિ પણ તે તરફ વધારે લક્ષ એ સવાલ ખનાર સૂચના કરે છે. અને તેટલો પણ ત્યાગ કરે તેમને ધન્ય છે. પણ ઘણીવાર સૃષ્ટિમાં નવીન પ્રવેશ કરનારાઓ તેનો ત્યાગ કરવો મુશ્કેલ લાગે છે. કારણ કે તેમના અંતઃકરણ આનંદ અને મોજના વિચારોવડે પૂર્ણ હોય છે, અને જેઓ જ્ઞાનથી પોતાની જાતને વધારે સુધારવાનું કહે છે. આવા માણસના સંબંધમાં એમજ લાગે છે કે તેઓ આંતરિક સ્વરૂપના જ્ઞાનથી વિમુખ હોઇ દૃશ્ય સ્વરૂપને ધારણ નહિ કરી ઉભય ભ્રષ્ટ થાય છે. તેઓ માટે આંતરિક સ્વરૂપનું જ્ઞાન વધારે ઉચિત છે, યુવાવસ્થાના અનુપમ જુસ્સામાં નીતિ વર્તન થવા વધારે સંભવ છે. અત્ર પ્રદર્શિત કરવાનું એ છે કે દૃશ્ય સ્વરૂપને અતિ અગત્યતા આપી આંતરિક સ્વરૂપ પ્રતિ બીલકુલ ધ્યાન ન આપવું તે અનુચિત છે, અને દૃશ્ય સ્વરૂપ તરફજ માત્ર રમણતાથી જે સ્થિતિ નિર્બળ થઈ છે તે સ્થિતિ આંતરિક સ્વરૂપ તરફ અપાયેલ લક્ષ તત્કાળજ સુધારી ઉન્નતિ તરફ દોરશે એમ અમારી માન્યતા છે. પાંચ અનુવ્રત—અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને પરિગ્રહને અનુસરવાથી અને ચાર કષાયને વર્જવાથી આપણી સ્થિતિ ઉત્તમ થવાની તે નિઃસંશય વાત લાગે છે. એક મનુષ્ય જે દૃશ્ય સ્વરૂપને વળગી કષ્ટકારક ત્યાગ તરફ દોરાય છે પણ અસત્ય કથન, જુઠા દસ્તાવેજ અને ધનપ્રાપ્તિ માટે અન્યને છેતરવામાં જરા પણ આંચકો ખાતા નથી તે કોઇ નિરમળી સ્વાત્માને અથવા અન્યને ઝળકતો છે એમ કહી શકાતું નથી. તેથી ઉલટી રીતે આ માણસ પોતાનો, પોતાની કોમનો અને ધર્મનો સૃષ્ટિની દૃષ્ટિમાં અધઃપાત કરનાર થાય છે.

જોકે ઉપર કહ્યું તેમ દૃશ્ય અને આંતરિક ઉભયની ધર્મના અસ્તિત્વ માટે જરૂર છે, પણ દૃશ્ય માત્ર કારણ છે અને ઓછી સ્થિરતાવાન છે. અલબત, હરેક ધર્મમાં તેનું દૃશ્ય સ્વરૂપ—બાહ્ય ક્રિયાઓ હોવીજ જોઇએ કે જે દ્વારા તે ધર્મનું દર્શન થઇ શકે; પણ આંતરિક સ્વરૂપ વિના દૃશ્ય, બીજના ફોતરા માફક નિરૂપયોગી છે, વળી દૃશ્યમાં દેશકાળ આશ્રી ફેરફાર થવા સંભવ છે, પણ આંતરિક હમેશા તેજ રૂપે નિશ્ચલ રહે છે. પ્રાચીન સમયમાં શાસ્ત્રો લખાતા નહિ—કેવળજ્ઞાની અને નિર્ગ્રન્થ મુનિઓ આપણા પવિત્ર ગ્રંથોનું મુખથીજ પઠન કરાવતા હતા. પણ આ કાળના મનુષ્યો માટે તે અતિ પ્રતિકુળ દેખાઇ તેથી શાસ્ત્રો લખાયાં. આપણા પ્રાચીન તત્વવેત્તાઓ

For Private And Personal Use Only

સમ્યક્ શક્તિના બળથી તે સાચવી રાખતા-પણ અત્યારે [illegible] તે બાહ્ય રીતે સચવાય છે. આવી રીતે હૃદયમાં ફેરફાર થયો-પણ આંતરિક સ્વરૂપ તેનું તેજ છે. જ્યાં સુધી ધર્મના અનુયાયીઓ આંતરિકને [illegible] રહે છે ત્યાં સુધી તે ધર્મના હ્રાસનો [illegible] પણ સંભવ નથી, પણ [illegible] આ [illegible] છે અને [illegible] તરફજ [illegible], ક્રિ[illegible] જ્ઞાનપાસાની ક્રિયાને [illegible] અનુસરણ કરે તે ધર્મનો અંત આવતાં પૂરું સંભવ છે. જૈનધર્મની આવી સ્થિતિ ન થાય તે માટે આંતરિક તરફ વધારે ધ્યાન આપવાની જરૂર છે. આપણા શાસ્ત્રમાં કહેલ તત્વજ્ઞાન અને નીતિ સૌથી શ્રેષ્ઠ છે, પણ આપણી જીંદગી અને વર્તન આ શ્રેષ્ઠતા દર્શાવનાર નથી. પ્રાચીન સમયમાં જૈનો પોતાનું વર્તન, પ્રમાણીકપણું તથા ઐક્ય માટે યશસ્વી હતા. પણ દિલગીરી સાથે જણાવવું પડે છે કે અત્યારે કોઇ પણ ગામ શહેર અથવા નગરની મુલાકાત લેતાં નજરે પડશે કે જૈનોમાં સંપ ઘણે અંશે વિચ્છેદ ગયો છે, કલહ પ્રચલિત થયા છે, અને પ્રમાણિકપણું તથા સત્યતા તજાયા છે; પૂર્ણ તપાસથી જણાશે કે આંતરિક સ્વરૂપ પ્રતિ અભાવ અને દશ્ય સ્વરૂપની અત્યુદ્રેક શ્રદ્ધાનુંજ આ પરિણામ છે. દશ્ય સ્વરૂપ માટે તેઓને અનેક કલેશ પણ થાય છે, પણ **અહિંસા અને અનેકાંત** જે આપણું આદર્શ વાક્ય[1] છે તે જાણવાની દરકાર પણ કરતા નથી. જો આ બે નિયમો જૈનો સર્વાંશે વળગી રહે અને તદ્યોગ્ય ક્રમ આચરે તો તેઓ ઉત્કર્ષ પશ્ચાત પડે નહિ. જૈનધર્મમાં સર્વત્ર શાંતિ વર્ણવી છે, અને તે ધર્મ સર્વ પ્રાણી પ્રત્યે જાતિ અથવા ધર્મના ભેદ વિના મૈત્રીભાવના તથા ક્ષમાનું શીક્ષણ અર્પનાર છે.

વળી હંમેશાં જિનેંદ્ર પૂજા કરવાનું પણ સગવાય છે. આ પૂજા દ્રવ્ય અને ભાવ બે પ્રકારે છે. ઘણા માણસો પ્રતિમાજીની દ્રવ્યપૂજા કરી પોતાને કૃતકૃત્ય માને છે, પણ પૂજા કરવાના કારણના જ્ઞાનના અભાવે ભાવ પૂજા તરફ લક્ષ પણ આપતા નથી. વીતરાગના ગુણોનો પોતામાં પ્રાદુર્ભાવ થાય તથા તે અનુપમ જ્ઞાનથી તેઓએ અચ્યુતપદ પ્રાપ્ત કર્યું છે તેની પ્રાપ્તિ થાય તે માટે પૂજા કરવાની છે તે લક્ષમાં આવતું નથી. 'દ્રવ્યતોભાવનિમિત્ત' તે વાત વિસ્મરણમાં મૂકવામાં આવે છે. ભાવપૂજા દ્રવ્યપૂજા પછી અવશ્ય કરવાની છે તે ન કરવાથી કાર્ય રહી જાય છે. કોઇ કરે છે તો પણ તે અતિત્વરા

1 Motto.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવામાં આવે છે. કાર્ય કરતાં કારણ તરફ વધારે ધ્યાન તે અનુચિત છે. જેમાં ભાવનો ઉલ્લાસ થાય, જે ખાસ કર્તવ્ય છે. અને પૂજાનો અંતર્ગત હેતુ પ્રાપ્ત કરવાનું જે સ્થાન છે તે તદ્દન અપૂર્ણ રખાય છે, અને કદી થાય છે તો તે પણ નિરાદર ચિત્તે ધ્યાન વિના કરાય છે. મન અન્ય સ્થાને સ્થાપિત હોય ત્યારે માત્ર મુખદ્વારા કરાતી પ્રભુસ્તુતિમાં કેવો ઉલ્લાસ થાય તે વિચારવા જેવું છે. વળી શાંતિના સ્થાનની પણ ખાસ જરૂર છે. પાંચ પચાસ સ્તવનો સાથે બોલાવાથી ધ્યાનની એકાગ્રતા થવી અસંભવિત છે. સ્થલમાં ઘણે સ્થાને ઉલટી પ્રવૃત્તિ થાય છે.

બાહ્ય સ્વરૂપની સર્વ પ્રવૃત્તિ આંતરિક સ્વરૂપનું કારણ છે. બાહ્ય સ્વરૂપની સર્વ પ્રવૃત્તિ આંતરિક સ્વરૂપ વધારવાના હેતુથી હોય છે. તેથી કાર્ય તરફ દૃષ્ટિ સ્થાપિત નહિ રાખતા કારણ તરફ જ પ્રવૃત્તિ થાય તો મૂલ ઉદ્દેશના વિસ્મરણથી સર્વ ક્રિયા નિરૂપયોગી તુલ્ય થાય, તેમાં આશ્ચર્ય નથી. છેવટ એટલું સૂચવવાનું રહે છે કે હરેક જૈનબંધુઓ યથાશક્તિ શાસ્ત્ર અધ્યયન કરી આંતરિક સ્વરૂપનું મનન કરી બાહ્યસ્વરૂપ તરફ એવી રીતે તન્મયતા કરવી કે જેથી આંતરિક સ્વરૂપની પ્રાપ્તિ સાથે ચિદાનંદ અજરામર પદ પ્રાપ્ત કરવાનું દ્વારોદ્ઘાટન થાય.

તથાસ્તુ.

કાપડીયા નેમચંદ ગીરધર.

---

# તમે કદી દુભાશો નહિ.

૧ જેવો પોતાનો આત્મા પોતાને વહાલો છે તેવોજ અન્યને તે છે એમ સમજી હિંસામાં પ્રવૃત્તિ નહિ કરો તો કિંચિત્ પણ તમે દુભાશો નહિ.

૨ પોતાના મન ખંડીતથી પોતાને જે વ્યથા થાય છે તેનો વિચાર કરી અન્યનું મન દુખવવા પ્રયત્ન કરશો નહિ તો તમે કદી દુભાશો નહિ.

૩ જેવી પોતાના પ્રસંગ સમયે અન્ય પાસેથી આશા રાખતા હો તેવું અન્યને તેને પ્રસંગે કરી દેશો તો તમે કદાપિ પણ દુભાશો નહિ.

૪ સ્વાર્થ ત્યજન અને સ્વાર્પણના સમયે સ્વાર્થ ત્યાગી સ્વાર્પણને અગ્રસ્થાન આપશો તો તમે કદી જરાપણ દુભાશો નહિ.

૫ સુખ-દુઃખ, અસ્ત-ઉદય, આનંદ-ચિંતા, આવા વિરોધી ક્રમની ઉપસ્થિત સમયે હરેક ચિત્તવૃત્તિ સમાન રાખશો તો તમે લેશ પણ દુભાશો નહિ.

૬ મનને તેની ઇચ્છાનુસાર પ્રવર્તવા ન દેતાં તમારી ઇચ્છા પ્રમાણે પ્રવર્તાવશો અને તેના ઉપર મજબુત કાબુ રાખશો તો તમે કદી પણ દુભાશો નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૭ અસત્ય વચન લોકસમુહમાં અપયશ કરનાર અને દુર્ગતિ તરફ દોરનાર છે એમ જાણી તેને સાષ્ટાંગ પ્રણામ કરશો તો તમે સહજ પણ દુભાશો નહિ.

૮ જો કોઇ અન્ય તમને સત્ય પણ અપ્રિય વચન કહે તો તમારી લાગણી કેવી દુખાય તેનો વિચાર કરી અન્યનાં પ્રસંગે તેવાં વચન ઉચ્ચારવાનું વર્જશો તો તમે કદી દુભાશો નહિ.

સંસારની ખટપટમાં બહુ નહિ ગુંથાતાં આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા તરફ જેટલે અંશે ધ્યાન આપશો તેટલે અંશે તમે દુભાશો નહિ.

૧૦ વખત વહી ગયો તે પાછો આવતો નથી અને ક્ષણે ક્ષણે આયુષ્ય અલ્પ થતું જાય છે, એમ સમજી વખતનો યોગ્ય ઉપયોગ કરશો તો તમે કદી દુભાશો નહિ.

૧૧ તમારે ત્યાં ચોરી થાય તો તે વખતે તમારી માનસિક વૃત્તિ કેવી દુભાય છે તેનો ખ્યાલ કરી અદત્ત ગ્રહણ-જે આત્મવૃત્તિને મલીન કરનાર છે તે છોડી દેશો તો તમે કદી પણ દુભાશો નહિ.

૧૨ પ્રમાણિકપણું તે સર્વોત્તમ નીતિ છે એમ સમજી વ્યવહારમાં તેની યોજના કરશો તો તમે કદી દુભાશો નહિ.

૧૩ મોક્ષપ્રાપ્તિ માટે જ્ઞાન ઉત્કૃષ્ટ સાધન છે અને જ્ઞાનીનો સર્વત્ર જય છે તેથી જ્ઞાન પ્રાપ્ત કરી જ્ઞાની થવા પ્રયત્ન આદરશો તો કિંચિત્ પણ તમે દુભાશો નહિ.

૧૪ સ્વપત્ની ઉપર અન્ય કુદષ્ટિ કરે તો મનમાં કેવી વ્યથા થાય તેનો વિચાર કરી પરસ્ત્રીને માતા અથવા બેન સદૃશ ગણી દૃષ્ટિ પ્રવર્તન કરવું પણ છોડી દેશો તો તમે કદી દુભાશો નહિ.

૧૫ મોક્ષપ્રાપ્તિના અભિલાષીને પૈસો પ્રબળ વિઘ્નકર્ત્તા છે માટે તેનો મમત્વ ઓછો કરશો તો તમે કદી દુભાશો નહિ.

૧૬ અનેક વર્ષોના ઉગ્ર તપને હાનિ પહોંચાડનાર, અને આત્મ શક્તિનો અસ્ત કરનાર ક્રોધને મનમાંથી પણ રજા આપશો તો તમે કદી દુભાશો નહિ.

૧૭ સુભૂમ અને બ્રહ્મદત્ત ચક્રવર્ત્તી જેના પાશમાં પડવાથી દુર્ગતિગામી થયા અને જે ઉત્તરોત્તર વૃદ્ધિજ પામે છે તે લોભને દેશવટો આપી સંતોષને સેવશો તો તમે જરા પણ દુભાશો નહિ.

૧૮ 'સંપ એ બળ છે' અને 'સંપ ત્યાં જંપ છે' એમ જાણી સ્થિતિ પ્રમાણે મનને સંતોષવાની ટેવ પાડશો અને કુસંપને જલાંજલિ આપશો તો તમે કદી દુભાશો નહિ.

૧૯ અતિ આહાર, અતિ નિદ્રા અને અતિ મૈથુન આરોગ્યતાને હાનિકર્તા છે એટલુંજ નહિ પણ તેની વૃદ્ધિ થવાથી સ્વોન્નતિ માટે વીચાર કરવાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ અવકાશ મળતો નથી માટે તેને ત્યજશો તો તમે સહજ પણ દુભાશો નહિ.

પરનિંદા તે પોતાના ગુણનો ઘાત કરે છે, અને અન્યને દ્વેષ ઉત્પન્ન કરી મોટા કલહનું કારણ પણ થઇ પડે છે તેથી તેને વર્જવાથી તમે કદી દુભાશો નહિ.

મદગજ ઉપર ચડેલાને નીચેની વસ્તુનું ભાન રહેતું નથી, તે સ્વરૂપનું ભાન ભુલાવે છે અને રાવણને થયું તેમ આ ભવમાં દુઃખ અને પરભવમાં દુર્ગતિ આપે છે માટે અહંવૃત્તિ દુર કરશો તો તમે કદી દુભાશો નહિ.

ઉગ્ર તપસ્યા કરનાર, મહા જ્ઞાની તરીકે વિખ્યાતી પામનાર પણ જો માયાવાળો હોય છે તો તેને ભવભ્રમણ કરવું પડે છે માટે માયાથી અળગા રહેશો તો તમે કદી દુભાશો નહિ.

શ્રીમદ્ શાન્તિવિજયજી કહે છે કે-"ભગવાન્ એકાંતે વિધિ કે નિષેધનો ઉપદેશ કરતા નથી, પણ આતો તેઓની ખાસ આજ્ઞા છે કે કોઇ પણ કારણ પ્રસંગે નિષ્કપટી થવું." આ આજ્ઞાનુસાર વર્તન કરશો તો લેશમાત્ર તમે કદી દુભાશો નહિ.

રાગ-કોઇ પણ વસ્તુ ઉપર મમત્વ, રૂપવંત સ્ત્રીની પ્રાપ્તિ માટે અભિલાષા મુક્તિ પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળાને અંતરાય કરનાર જાણી રાગદશા ત્યજવાથી તમે કદી દુભાશો નહિ.

કોઇને સલાહ આપવાના પ્રસંગે કદાચ તે તમારા સાથે એકમત ન થાય તો પણ તેના હિતની સલાહ શુદ્ધ અંતઃકરણથી આપશો તો તમે કદી દુભાશો નહિ.

દેશ યા કોમની ઉન્નતિ કરવાની ઇચ્છા હોય તો પ્રથમ સ્વસુધારણા કેવી રીતે થાય તેના વિચારો ગોઠવી-યોજના કરી સ્વોન્નતિ કર્યા બાદ અન્યની ઉન્નતિ તરફ લક્ષ આપશો તો સહજ પણ તમે દુભાશો નહિ.

જેવો જેવો ઉપદેશ આપવાની તમારી ઇચ્છા થાય તેને પ્રથમ તમે ગ્રહણ કરજો-અને 'કહેણી તેવી રહેણી' તે નિયમને વળગી રહેજો તો કદી પણ તમે દુભાશો નહિ.

આત્મગુણની વૃદ્ધિ કરનાર અનેશ્વર તથા પર બંનેના હૃદયને સંતોષનાર અનુત્તમ ગુણશ્રેણીને અંગીકાર કરશો તો તમે જરા પણ દુભાશો નહિ.

જે શીયળના ગુણ પાળનારા નેમીશ્વર ભગવાન, સ્થુળીભદ્ર, વીજયશેઠ અને સુદર્શનશેઠનો વિજયડંકો હજુ પણ વાગે છે તેવા આત્મોન્નતિકારક ઉત્કૃષ્ટ શીયળને ગ્રહણ કરશો તો તમે કદી દુભાશો નહિ.

અજર, અમર, અકલંકિત, શુદ્ધ જ્ઞાન-દર્શનવાળા, રાગદ્વેષથી રહિત, સત્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહાશિવાન્, એકાંત જીવોના ઉપગારમાં તત્પર અને એવા અનંત ગુણગણોથી શોભિત પરમપૂજ્ય શ્રી તીર્થંકર મહારાજના ચરણ કમળમાં ભક્તિથી આર્દ્ર ચિત્તવાળા થઇ લીન થતાં શીખશો, અને તેમના ઉપદેશાનુસાર વર્તન રાખશો તો તમે કિંચિત્ પણ દુભાશો નહિ.

કાપડીયા નેમચંદ ગીરધર.

---

# वर्त्तमान समाचार.

## ભાવનગર જૈન બોર્ડીંગ તરફથી માનપત્ર.

**જમસેદજી નવરોજજી ઉનવાળા એમ. એ.** જેઓ ભાવનગર શામળદાસ કોલેજના પીન્સીપાલ અને હાઇસ્કુલના હેડ માસ્તર હતા તેઓ પેન્શનપર રીટાયર થઇને બનારસ સેંટ્રલહિંદુ કોલેજમાં ઇંગ્લિશના ઓનરરી પ્રોફેસર તરિકે કામ કરવા જતાં જૈનબોર્ડીંગ કમીટી તરફથી તેમને અશાડ શુદ ૨ તા. ૪-૭-૫ના રોજ જૈનબોર્ડીંગ હાઉસમાં જાહેર મેળાવડો કરીને એક માનપત્ર આપવામાં આવ્યું હતું. તે પ્રસંગે સંસ્થાન ભાવનગરના મુખ્ય દીવાન સાહેબ, પ્રીન્સ મંગળસિંહજી, મેજર કાળુભા સાહેબ, દેશાઈ રતીલાલભાઇ છોટાલાલ, દેશાઇ શંકરપ્રસાદ હરીપ્રસાદ, રા. રા. લલુભાઇ શામળદાસ, નગરશેઠ પરભુદાસ ભગવાનદાસ વિગેરે અનેક ગૃહસ્થો પધાર્યા હતા. પ્રારંભમાં **સેક્રેટરી કુંવરજી આણંદજીએ** બોર્ડીંગ સંબંધી કેટલીક હકીકત રોશન કર્યા બાદ **જો. સેક્રેટરી માસ્તર મોતીચંદ ઝવેરચંદે** માનપત્ર વાંચી બતાવ્યું હતું. અને જૈનબોર્ડીંગ કમીટીના **વાઇસ પ્રેસીડન્ટ વોરા. અમરચંદ જસરાજે** મી. ઉનવાળાને અર્પણ કર્યું હતું. બાદ માનપત્રના ઉત્તરમાં મી. ઉનવાળાએ ઘણી હિતશિક્ષાઓ આપી હતી અને જૈનવર્ગનો આભાર માન્યો હતો. બાદ વા. પ્રે. તરફથી પધારેલ ગૃહસ્થોનો આભાર માનવા સાથે મેળાવડો બરખાસ્ત કરવામાં આવ્યો હતો.

આ બોર્ડીંગનો પ્રગટ થયેલો હેવાલ વાંચી આફ્રીકામાં વેપાર નિમિત્તે ગયેલ **શા. જેઠાલાલ વાઘજી** નામના ગૃહસ્થે શ્રીકોંબાથી રૂ.૫૦ તેના ફંડમાં મોકલાવ્યા છે અને પોતાના તરફથી કેટલીક દીલસોજી બતાવી છે.

## ભાવનગર જૈન કન્યાશાળામાં ઇનામનો મેળાવડો.

અશાડ વદ ૫ શનીવારે શ્રી જૈન કન્યાશાળા વ્યવસ્થાપક કમીટી તરફથી ભાવનગર સંસ્થાનના કેળવણી ખાતાના ઉપરી અધિકારી **એંટી સાહેબના** પ્રમુખપણા નીચે કન્યાઓને ઇનામ આપવાનો મેળાવડો કરવામાં આવ્યો હતો. પ્રારંભમાં સદરહુ કમીટીના **સેક્રેટરી મી. કુંવરજી આણંદજીએ** કન્યાશાળાના પ્રારંભથી ત્રણ વર્ષનો ટુંકો ઇતિહાસ તેના અ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેળવણી વિગેરેના નિયમો તથા છેવટમાં લેવાયેલી પરીક્ષાનું પરિણામ વિગેરે જાહેર કર્યું હતું. ત્યારબાદ કેટલીએક કન્યાઓનો અભ્યાસ તપાસી બે ચાર ગાયનો ગવરાવવામાં આવ્યા હતા. બાદ પ્રમુખ સાહેબના હાથથી ૧૪૫ કન્યાઓને ઇનામ માટે મુકરર કરેલા વસ્ત્રો સુમારે રૂ.૫૦) ઉપરાંતના આપવામાં આવ્યા હતા. પાંચ સ્ત્રી શિક્ષકોને પણ એકેક વસ્ત્ર આપવામાં આવ્યું હતું. ત્યારબાદ દરબારી કન્યાશાળામાં જેઓને અભ્યાસ કરી ત્યાં ઉપર નામ રાખનારી આ કન્યાશાળાની અભ્યાસી કન્યાઓને મુકરર કરેલ ધોરણ અનુસાર ત્રણ માસની સ્કોલરશીપ તરીકે રૂ. ૧૮॥ **શા. ત્રીભુવનદાસ ભાણજી** તરફથી પ્રમુખ સાહેબના હાથે અપાવવામાં આવ્યા હતા. મી. મોટી સાહેબ કન્યાઓનો ધાર્મિક અભ્યાસ તથા તેની વ્યવસ્થા વિગેરે જોઇ બહુ ખુશી થયા હતા. બાદ તેઓ સાહેબે એક ટુંકું પણ અસરકારક ભાષણ કરીને કન્યાઓને તથા તેના શિક્ષકોને કેટલીક શિખામણ આપી હતી. કમીટીના આગેવાનોને કન્યાઓને અપાતા શિક્ષણમાં કેટલોએક વધારો કરવાની ખાસ સુચનાઓ કરી હતી. બાદ પ્રમુખ સાહેબનો આભારમાની મેળાવડો બરખાસ્ત કરવામાં આવ્યો હતો.

## ભાવનગર જૈન વિદ્યાશાળામાં ઇનામનો મેળાવડો.

શ્રી વૃદ્ધિચંદજી જૈન વિદ્યાશાળામાં અભ્યાસ કરતાં જૈન બાળકોને ઇનામ આપવાનો મેળાવડો અશાડ વદ ૧૩ રવીવારે જૈન સમુદાયના આગેવાનો વચ્ચે કરવામાં આવ્યો હતો. પ્રારંભમાં સદરહુ વિદ્યાશાળા વ્યવસ્થાપક કમીટીના **સેક્રેટરી મી. કુંવરજી આણંદજીએ** નવી વ્યવસ્થા થઇ ત્યારથી આ શાળાની સ્થિતિનું વર્ણન કરી બતાવ્યું હતું. બાદ પરીક્ષાનું પરિણામ જાહેર કરીને અભ્યાસીઓએ મેળવેલા માર્કના પ્રમાણમાં આપવાના ઇનામ માટે તે તે કિંમતની લાવેલી ટોપીઓ રજુ કરી હતી. બાદ તે કમીટીના પ્રમુખ **વોરા અમરચંદ જસરાજના** હાથથી ૧૬૭ વિદ્યાર્થીઓને અને તેના ૪ માસ્તરોને રૂ.૪૫) ના સુમારનું ઇનામ આપવામાં આવ્યું હતું. બાદ વિદ્યાર્થીઓને ઉત્તેજનાર્થે કેટલુંક કહેવાયા પછી મેળાવડો વિસર્જન થયો હતો.

## ભાવનગર શ્રાવિકાશાળા.

શેહેર ભાવનગરમાં જૈનવર્ગમાં બાળકોને તથા બાળાઓને તેમજ મોટી ઉમરના પુરૂષોને અભ્યાસ કરવા માટે અનેક સાધનો છે તેમાં એક સાધન મોટી ઉમરની શ્રાવિકાઓને અભ્યાસ કરવાનું અપૂર્ણ હતું તે હાલમાં **વોરા હઠીસંઘ ઝવેરચંદની** ઉદારતાથી પૂર્ણ થયું છે. અશાડ વદ ૦)) સે શ્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંઘ સમક્ષ તેમણે બે વર્ષ સુધી દરવર્ષે એ શુભ નિમિત્તમાં પોતાની તરફથી રૂ.૨૦૦) આપવાનું કબુલ કર્યું છે અને ત્યારબાદ સારી વ્યવસ્થા ચાલતી જોઇને રૂ.૪૦૦૦) ની રકમ આપવાનું કબુલ કર્યું છે કે જેના વ્યાજમાં અખંડ રીતે એ કાર્ય શરૂ રહી શકે. આ ખાતું જૈન કન્યાશાળા કમીટીના હાથમાં સોંપવાની અને તેને પોતાની ઇચ્છાનુસાર નામ આપવાની તેમની પોતાની વૃત્તિ જાહેર કરી હતી જેનો શ્રી સંઘે સ્વીકાર કર્યો હતો.

આ શ્રાવિકાશાળામાં અભ્યાસ કરાવવા માટે ગુજરાતીના અને સાથે પ્રતિક્રમણ તથા પ્રકરણાદિના જ્ઞાનવાળા કોઇ શ્રાવક શ્રાવિકા અથવા બ્રાહ્મણને રાખવા માટે તજવીજ શરૂ કરવામાં આવી છે તેથી એવા કોઇ શ્રાવક, શ્રાવિકા યા બ્રાહ્મણ હોય તો તેણે જૈન કન્યાશાળા કમીટી તરફ લખવું, તેના પગાર સંબંધી સંતોષકારક વ્યવસ્થા કરી આપવામાં આવશે.

## પાસ થયા.

શ્રી જૈનધર્મ પ્રસારક સભાના વીરમગામ નિવાસી મેમ્બર મી. **છોટાલાલ વીકમદાસ** ડીસ્ટ્રીક્ટ પ્લીડરની છેલી પરીક્ષામાં પાસ થયાના ખબર મળવાથી તે સંબંધી હર્ષ પ્રદર્શિત કરવા સાથે તેઓ પ્રમાણિકતાથી પોતાનો ધંધો ચલાવી તેમાં ફતેહ મેળવે એમ ઇચ્છીએ છીએ.

## સંવત્સરી સંબંધી નિર્ણય.

ચાલતા વર્ષમાં ભાદરવા માસમાં સુદ પંચમીનો ક્ષયપણું વગેરે પ્રસંગમાં ફેર હોવાથી સંવત્સરી કયે દિવસે કરવામાં આવશે ? તે સંબંધી ઘણી જગ્યાએથી સવાલ થવા ઉપરથી **પન્યાસ શ્રી ગંભીરવિજયજી** જેઓ અત્રે ચતુર્માસ રહેલા છે તેઓ સાહેબે કેટલાક આધાર સાથે ભાદરવા શુદિ ૪ રવીવારે સંવત્સરી પર્વનું આરાધન કરવામાં આવશે. એવો નિર્ણય જાહેર કરવાનું ફરમાવ્યું છે.

## સભાની વર્ષગાંઠ.

**શ્રી જૈનધર્મ પ્રસારક સભાની** વર્ષગાંઠ શ્રાવણ શુદિ ૩ ની હોવાથી તે સભાના બહારગામના સભાસદોને વાર્ષિક મહોત્સવમાં ભાગ લેવા માટે આમંત્રણો મોકલવામાં આવ્યાં છે. આ સભાની સ્થાપનાને શ્રાવણ શુદિ ૩ જે ૨૪ વર્ષ પૂરાં થઇ ૨૫ મું વર્ષ બેસશે. તેનો વાર્ષિક મહોત્સવ તમામ સભાસદો અને બીજા લાગતાવળગતા ગૃહસ્થો તથા વિદ્યાર્થીઓના સમુદાય સહિત ભાવનગરથી ત્રણ ગાઉ દૂર વરતેજ ગામે જઇને કરવામાં આવે છે. આ વર્ષે પણ તેજ પ્રમાણે ગોઠવણ કરવામાં આવી છે. આવા મહોત્સવથી પરસ્પર ઐક્યમાં વૃદ્ધિ, પ્રભુભક્તિ, કેટલાક સદ્વિચારોની ચર્ચા અને નવા સત્વનું ઉમેરણ વિગેરે અનેક લાભો થાય છે; વળી પોતાની અને સભાની પ્રાચિન અર્વાચિન સ્થિતિનું સ્મરણ થવા સાથે કેટલોક ધડો મળી શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બહાર પડેલ છે.

## ચરિતાવળી ભાગ ૧ લો.

૧ વિભાગ પહેલો-જયવિજય, હંસરાજ, લક્ષ્મીપુંજ. ૦-૩-૦
૨ વિભાગ બીજો-કળાવતી, સુભદ્રા, હંસ કેશવ, વંકચૂળ તથા ધનશ્રેષ્ઠીની કથા. ૦-૫-૦
૩ વિભાગ ત્રીજો-શુકરાજ ચરિત્ર. ૦-૫-૦
૪ વિભાગ ચોથો-સરસ્વતી, કામલક્ષ્મી, પુણ્યસાર. ૦-૫-૦
૫ વિભાગ પાંચમો-શૂરપાળ, ચંપકમાળા, રાજસિંહ. ૦-૪-૦

આ દરેક વિભાગ જુદા જુદા બંધાવવામાં આવ્યાછે. અને પાંચે વિભાગની ભેળી બુક પણ બંધાવવામાં આવેલ છે. તેનું બાઇંડીંગ ઘણું સુંદર કરવામાં આવ્યું છે. આખી બુકની કિંમત રૂ ૧-૪-૦ રાખવામાં આવેલ છે.

## ચરિતાવળી ભાગ ૨ જો.

૧ વિભાગ પહેલો યશોધર ચરિત્ર. ૦-૮-૦
૨ વિભાગ બીજો-બાર વ્રત તથા સમ્યકત્વ ઉપર કથા ૧૩ ૦-૫-૦
૩ વિભાગ ત્રીજો-ઉત્તમ કુળની દુર્લભતા વિગેરે ઉપર છ મોટી કથાઓ. ૦ ૪-૦
૪ વિભાગ ચોથો-ધર્મ કરતાં રોકનારા તેર કાઠીઆની રસીક ને ઉપદેશક કથા. ૦-૩-૦

આ દરેક વિભાગ જુદા જુદા બંધાવવામાં આવ્યા છે. અને ચારે વિભાગની ભેળી બુક પણ બંધાવવામાં આવી છે. તેનું બાઇંડીંગ ઘણું સુંદર કરાવવામાં આવેલ છે. આખી બુકની કિંમત રૂ ૧-૪-૦ રાખવામાં આવેલ છે.

## " સંવચ્છરી સુધી ૫૦ દીવસ "

અશાડ સુદ ૧૪ શનીવારે ચોમાસી પડિકમણું કર્યા પછી ૫૦ દિવસે સંવચ્છરી પડિકમણું કરવું જોઇએ તે હિસાબે ભાદરવા સુદિ ૪ રવીવારની સંવચ્છરી કરતાં ૫૦ દિવસોજ થાય છે કેટલાક માણસો ભુલથી ૫૧ ગણે છે પણ અશાડ સુદ ૧૪ તો ગણવાની હોજ નહીં તેથી કોઇ રીતે ૫૧ થતા નથી. વળી માસની વૃદ્ધિ જેમ ગણાય નહીં તેમજ તિથિની વૃદ્ધિ પણ ગણવાની ન હોવાથી કોઇ પણ વખતે ભાદરવા સુદિ ૪ થે સંવચ્છરી કરતાં ૫૧ દિવસ થાયજ નહીં. આટલો ખુલાસો જરૂરનો હોવાથી અહીં કર્યો છે વિશેષ જરૂર હોયતો તેણે પત્રદ્વારા ખુલાસો મેળવવો. તંત્રી

For Private And Personal Use Only

## લવાજમની પહોંચ.

૧—૪—૦ શા સાંકળચંદ કેશવજી
૧—૪—૦ શા ઝવેર કેશવજી
૧—૪—૦ શા હેમજી નાગજી
૧—૪—૦ શા નરોતમ હીરાચંદ
૧—૬—૦ શા મોહનલાલ અમથારામ
૧—૪—૦ સંઘાણી નેમચંદ સાંકળચંદ
૧—૪—૦ શા રતનચંદ ભુદરજી
૧—૪—૦ વોરા રઘીનારામ હેમજી
૧—૪—૦ શા ફુલચંદ તલકશીદાસ
૩—૨—૦ શા હીરજી ડાહ્યાભાઇ
૦—૦—૦ શા જોઇતા નેમચંદ
૧—૪—૦ ડોકટર ગોવિંદરાવ દીપાજી
૨—૪—૦ શા કેશવલાલ વેલશી
૦—૧૪—૦ શા ફુલચંદ ઝવેરચંદ
૩—૧૨—૦ શા હરસુખ વાડીલાલ
૧—૪—૦ શા ગુલાબચંદ રતનચંદ
૨—૦—૦ શેઠ પાનાચંદ વાલજી
૧—૪—૦ શા લક્ષ્મીચંદ માણેકચંદ
૦—૪—૦ શ્રી મોરબી જૈનશાળા
૧—૧૮—૬ શા રતનચંદ નાનચંદ
૩—૧૨—૦ દોશી દલપત વિલમચંદ
૧—૪—૦ મહેતાજી પુરશોતમ લલુભાઇ
૨—૮—૦ વોરા વેલા ગણેશ
૧—૪—૦ શા ચુનીલાલ ખુબચંદ
૧—૫—૦ શા મગનલાલ ઝવેરચંદ
૧—૪—૦ શા ભોખા લાધાજી
૦—૫—૦ શા નારણજી રામજી
૧—૪—૦ શા હીરાલાલ ફુલચંદ
૧—૮—૦ શા માણેકચંદ ડુંગરશી

૨—૮—૦ મુનિમહારાજ હાકમજી
૧—૮—૦ મહેતા મોતીલાલ કિ
વનદાસ
૧—૪—૦ શેઠ મોહનજી ડોસાભ.
૧—૪—૦ શા હીરાચંદ ક સાં
૨—૮—૦ શા મનસુખ કેશવલ
૧—૦—૦ શા નારણજી ભ.ભાઇ
૧—૪—૬ શા કલ્યાણભાઇ દે.
૦—૧૦—૦ શા નેમચંદ મોહન
૧—૧૪—૬ શા રતનચંદ નાનચં
૧—૪—૦ શા નાથા ખુબાજી
૧—૪—૦ દોશી પાચા લધા
૧—૪—૦ શા હીરાચંદ નાથાજી
૧—૪—૬ શા ડાહ્યાભાઇ દેવચંદ
૨—૮—૦ શા ચુનીલાલ ફુલચં
૨—૮—૦ શા દેવચંદ મુલચંદ
૧—૪—૦ શા બાલાભાઇ ખુશા
૫—૦—૦ શા લાલજી લધા
૨—૮—૦ શા ઉદેચંદ દાજીભા
૧—૪—૦ શા નાગરદાસ મોતીચ
૧—૪—૦ શા ખુશાલચંદ ઓઘા
૧—૪—૦ શા નંદાજી સામાજી
૧—૪—૦ શા હેમજી રામજી જે
૧—૪—૦ શા મોહનલાલ વાલ
૨—૮—૦ શા મકનજી જોરાજી
૨—૮—૦ શા મોહબતલાલ માંડણ
૧—૧૨—૦ શા મુલચંદ ઓઘડ
૧—૪—૦ શા ઝવેરચંદ અંદરજી
૧—૪—૦ શા ફુલચંદ લક્ષ્મીચં

## નવા મેમ્બરોનાં નામ.

શ્રી સુમતિ રત્નસૂરિ જૈન લાયબ્રેરી, ખેડા. લાઇફમેમ્બર
રા.રા. શાહ અમૃતલાલ પુરશોત્તમદાસ ભાવનગર „
રા.રા. શાહ ઝવેરચંદ અંદરજી, મુંબાઇ „
રા.રા. શાહ ચુનીલાલ જુઠાભાઇ વાલજી, ભાવનગર, વર્ગ ૧ લો.
રા.રા. શાહ મંગળદાસ દોલતરામ, અમદાવાદ „